શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૮
અંક : ૪

## જીવનમાં દુઃખોથી ગભરામણ

એક વખત એક માણસ પોતાનાં દુઃખોથી અતિશય કંટાળી ગયો. રાત દિવસની મગજમારી, પત્ની સાથે અણબનાવ, છોકરાવની નિશાળ, ટયુશન, પરીક્ષાઓ, એમને કયાં ગોઠવવા એની માથાકુટ, ધંધામાં ચડતી પડતી, વૃધ્ધ માતાપિતાની માંદગી અને એવા તો બીજા અનેક પ્રશ્નોની જવાબદારીઓનું પોટલું ખભા પર ઉપાડીને ચાલતાંએ બિલકુલ ત્રાસી ગયો હતો. જિંદગીમાં ચારે તરફ અંધારું જ અંધારું દેખાતું હતું. એટલે એણે જિંદગી ટૂંકાવી દેવાનુ નક્કી કરી નાંખ્યું.આપઘાત કરવાના ઈરાદાથી એક વખત ઘરે કોઈ નહોતું ત્યારે મોકો જોઈ, ઘેનની ગોળીઓ ગળી લીધી. જેટલી ગોળીઓની જરૂર પડે તેનાથી ડોઝ થોડો ઓછો રહી ગયો.

અચાનક એને લાગ્યું કે એની આજુબાજુ જાણે દિવ્ય પ્રકાશ ફેલાઈ ગયો છે. અદ્‌ભુત પ્રકાશ આવતો હતો એ બાજુ એણે નજર કરી. જોયું તો પરમકૃપાળુ પરમાત્મા તેજસ્વી ચહેરા સાથે મંદ મંદ હાસ્ય વેરતાં ઉભા હતા. જેવી બંનેની આંખો મળી કે તરત જ એ બોલ્યા, દીકરા! મારા વ્હાલા સંતાન! હું બોલાવુ એ પહેલા મારી પાસે આવવાની ઉતાવળ તને શા માટે છે ? હે પ્રભુ હું તમારી પાસે આવવાની ઉતાવળ કરું છું તેના માટે ક્ષમા કરજો પરંતુ જિંદગીનું એક પગલું આગળ માંડી શકવાની ત્રેવડ હવે મારામાં રહી નથી. મારી જવાબદારીઓ, ચિંતાઓ અને દુઃખોનું આ પોટલું તમે જોયું? હવે એનો ભાર વેઢારવાની શકિત કે હિંમત એ બેમાથી એકેય મારામાં રહયાં નથી. ભગવાને કહયું, પણ મે તો તમને સૌને તમારી બધી ચિંતાઓ મને સોપી દેવાનુ કહયું જ છે. પણ ભગવાન, તમે મને જ શું કામ સૌથી ભારે પોટલું આપ્યુ છે ? મેં તો મારા પોટલા જેટલો ભાર કયારેય કોઈના ખભે જોયા નથી?

મારા દીકરા! આ દુનિયામાં દરેક વ્યકિતને મે કંઈકને કંઈક બોજો ઉપાડવા આપેલ છે. જો અહીંયાં તારા ઘણા આડોશી પાડોશીના પોટલા પડયા છે. તને એવું લાગતું હોય કે તારું પોટલું જ મે સૌથી ભારે આપ્યું છે. તો તુ એના બદલે આમાંથી બીજુ લઈ શકે છે. બોલ એવી અદલા બદલી કરવી છે ? નવાઈના ભાવો સાથે પેલા માણસે ભગવાનનાં ચરણ પાસે પડેલાં

પોટલાઓ તરફ નજર નાખી. બધા જ પોટલાઓનું કદ પોતાના પોટલાં જેટલું જ હતું પણ દરેક પોટલા પર એક નામ લખાયેલું હતું. જે વ્યકિતનું પોટલું હોય તેનું નામ સરનામું એ પોટલા પર લખાયેલું હતું સૌથી આગળ પડેલા પોટલા પરનું નામ એણે વાંચ્યું. પોતાના જ ઘરની બાજુમાં રહેતી સુંદર અને ખુબ જ સુખી દેખાતી એક પૈસાદાર સ્ત્રીનું નામ હતું. તેનો પતિ મોટો ઉદ્યોગપતિ હતો. સમૃદ્ધિની તો રેલંછેલ રહેતી. ઘરની દરેક વ્યકિત માટે એ લોકો અલગ અલગ કાર જ વાપરતાં અને એ પણ પાછી ઈમ્પોર્ટેડ! એ સ્ત્રીની દીકરીઓ મોંઘાદાટ પોષાકો અને અત્યાધુનિક ઘરેણાં જ પહેરતી. કોલેજમાં ભણતો એનો દીકરો દર મહિને એની કાર બદલાવતો. ઉનાળાની ગરમીનોએક મહિનો એ સ્ત્રી અને એનુ કુટુંબ સ્વિટ્ઝર્લેન્ડમાં જ વિતાવતાં આ સ્ત્રીનું પોટલું લેવાનો પેલા માણસને વિચાર આવ્યો એણે પોતાનું પોટલુ બાજુમાં મુકીને એ સ્ત્રીનું પોટલું ઉપાડયું. પણ જેવું એણે એ પોટલું ઉંચુ કર્યુ કે એને નવાઈ લાગી. માંડ માંડ એણે એ પાછું મુકયું પછી ભગવાન સામે જોઈને પુછયું ભગવાન! આટઆટલી સુખ સાહ્યબીમાં રહેતી સ્ત્રીનું પોટલું તો પીછા જેવું હળવું હોવું જોઈએ. તેના બદલે આટલુ બધું ભારે કેમ? મને આ સમજાયું નહી! ન સમજાયું હોય તો તું ખોલીને જોઈલે. પેલા માણસે પોટલું ખોલ્યું. બહારથી ખુબ જ સુખી અને વૈભવશાળી જીવન જીવતી એ સ્ત્રીના પોટલામાં રાતદિવસ કુટુંબીજનો સાથે ચાલતો કંકાસ દેખાણો. એ સ્ત્રીનો પતિ દારૂડીયો હતો. એ ધંધાના બહાને દેશવિદેશમાં બહાર રખડતો રહેતો અને કંગાળ જીવન જીવતો હતો. જેના કારણે તે ભંયકર રોગથી પીડાતો હતો. પેલી સ્ત્રી પણ માનસીક રીતે અત્યંત દુ:ખી હતી. પતિ પત્નિ ગુપ્ત રીતે લાખો રૂપિયા એ રોગની સારવાર પાછળ ખરચંતા હતા. એનો દીકરો એક દાણચોર સાથે સંબંધ ધરાવતો હતો. તો એ સ્ત્રીની દીકરી બિચારી મગજના કેન્સરથી પીડાતી હતી....

બસ! એણે ઝડપથી પોટલું બંધ કરી દીધું. એ આગળ જોઈ ન શકયો.

એનાથી બોલાઈ જવાયું, ભગવાન! બહારથી અત્યંત શ્રીમંત અને ખુબ સુખી લાગતી સ્ત્રીનું જીવન આટલી બધી યાતનાઓથી ભરેલું છે? હું કલ્પના પણ નથી કરી શકતો! ભગવાન હસી પડયા અને કહયું, મે તને કહયુંને! દરેકની માથે પોટલું હોવું જરૂરી છે. છતાં બીજાનું પોટલું તમને હળવું જ લાગે છે, કારણ કે એ તમારા ખભા પર નથી હોતુ. હજું પણ તારે બીજા કોઈનું પોટલું જોઈને લેવું હોય તો છુટી છે! એ માણસે જેને જેને સુખી અને ખુશ કિસ્મત માનતો હતો એમના નામ જોઈ જોઈને એણે પોટલા ખોલી જોયાં. પણ નવાઈ પમાડે એવી વાત એ બની કે એ દરેક વ્યકિતનું પોટલું એને વધારે

ભારે અને પોતાથી અનેક ગણી વિટંબણાઓથી ભરેલું દેખાયું. પછી અચાનક જ પોટલા ફંફોળવાનું બંધ કરીને હળવાશ સાથે કહયું, પ્રભુ! મને મારૂં જ પોટલું આપી દો. લાગે છે કે એજ બધામાંથી હળવું છે. એવું છે? તો પછી તને જિંદગી ટૂંકાવી નાખવી પડે એટલો બધો ભાર શેનો લાગે છે? જોઈએ તો ખરા કે એમાં શું ભરેલું છે? તારું પોટલું ખોલ જોઉ! ભગવાને કહયું. એ માણસે પોતાનું પોટલું ખોલ્યું અંદર કુટુંબીજનોનો પ્રેમ હતો, મિત્રોની લાગણી હતી, થોડા પૈસા હતા અને થોડા ઘરેણાં હતાં. તેમજ સાવ નાનકડી કહી શકાય તેવા પ્રશ્નોરૂપી પથ્થરો હતા! દીકરા! અત્યંત માયાળુ અવાજે ભગવાને કહયું, વરસોથી તું આ પ્રેમ અને લાગણીઓ વચ્ચે તેમ જ પૈસા અને ઘરેણા સાથે રહેતો હતો, તો પણ તને આપઘાત કરવાનો વિચાર કેવી રીતે આવ્યો? કદાચ તું કુટુંબીઓના પ્રેમનો અનુભવ નથી કરી શકયો કે મિત્રોની લાગણીને નથી પિછાણી શકયો. હવે દુનિયામાં પાછો જા, સહુની પ્રેમથી સાર સંભાળ લે અને થોડો સમય કાઢી મારા એવા સંતાનો કે જેને જિંદગી એ કાંઈ નથી આપ્યું એવા દીન દુઃખીયાની તારાથી બની શકે તેટલી તન, મન, ધનથી સેવા કર. હું તને ખાત્રી આપુ છું કે આ સહુંનો આનંદ જોઈને તારા આત્માને જે સુખ અને શાતા મળશે તે તને દુન્યવી દોલતથી તથા સુખ સાહ્યબીથી કયારેય પ્રાપ્ત નહી થાય.

**(ઈન્ટરનેટ પરથી પ્રાપ્ત પ્રેરકના મુખ્ય અંશ)**

## લેટ્સ વોક.....!

વોકીંગ ઈઝ ધ બેસ્ટ એકસરસાઈઝ. બાળક ચાલતાં શીખે ત્યારે સહુને કેટલો બધો હરખ થાય છે !

તમે ચાલશો તો તમે પણ આનંદ પામશો, ભલે એનું પ્રમાણ કદાચ થોડું ઓછું હોય પણ મહત્વ તો બિલકુલ ઓછું નથી.

આ રસપ્રદ લખાણ વાંચીને તમે સહુ ચાલશો એની મને ખાત્રી છે. માનવ શરીર ચાલવા માટે બહુ જ અનુકુળ છે. તેની રચના જ એવી છે કે સારી રીતે ચાલી શકે.

થાકીને લોથપોથ થઈ જાઓ એટલું ચાલો નહી પરંતુ રોજ ૩૦ મિનીટ નિયમીત પણે ચાલો તે ચાલે! તેનાથી ડાયાબિટીઝ થવાનું જોખમ ઘટી જાય છે. ચકકર આવતાં હોય તો ચાલવાથી તે બંધ થઈ જાય છે. ચાલવાથી માનસિક તાણ ઘટી જાય છે. અને મન તથા શરીર ખુબ જ હળવાશ અનુભવે છે. કારણ કે ચાલવાથી આપણી નસેનસમાં લોહીનું પરિભ્રમણ સરસ રીતે થાય છે.

**– રિન્કુ પટેલ**

***આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું વધુ સારૂ છે.***

## ખેતિની મૂંઝવણો

ખેડૂતોમાં શિક્ષણનું પ્રમાણ વધતા તેમની પાસે માહિતી મેળવવાના સ્ત્રોત પુષ્કળ બન્યા છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ સંદર્ભે હજુ પણ ઘણી મર્યાદાઓ છે. ખેડૂતોએ કરેલ સફળ પ્રયોગોનું અનુકરણ કરવામાં આવે છે. પરંતુ તેના સફળ પ્રયોગ પાછળ ઉપયોગમાં લેવાયેલ ટેકનોલોજી સંબંધે અનુકરણ કરનાર પાસે સમજનો અભાવ હોય તો તે સફળ થઈ શકતા નથી. જેથી તેની મુંઝવણોમાં વધારો થાય છે.

માટીનું આરોગ્ય તપાસવું તથા ખેતિ માટે વપરાતા પાણીની ચકાસણી કરવી એ બાબતે પ્રગતિશીલ ખેડૂતો પણ આળસ કરે છે. પોતાની માટીમાં રહેલા તત્વોની ઉણપ અને પાણીની કઠોરતા/ક્ષાર વગેરેની પાક ઉપર અસર બાબતે અમુક ખેડૂતો જાણકારી ધરાવતા હશે પરંતુ તેના ઉપાયો યોજવાનું ભાગ્યે જ જોવા મળે છે. આ મહિનામાં તેના પરિક્ષણો કરાવવા અને તેની જાણકારી મેળવી ખેતિમાં તેનો અમલ કરવો તે માટે સંસ્થાના કાર્યકરોની પુરી ટીમે ધોકડવાની આસપાસના ૪૦ જેટલા ગામોમાં જમીન અને પાણી ચકાસણી અભિયાન ચલાવ્યું. આ અભિયાન દરમિયાન રેલી, પોસ્ટર, પત્રિકાઓ વ્યકિતગત મુલાકાત, ખેડૂત મીટીંગ અને ગામના જાહેર સ્થળોએ/નોટીસ બોર્ડ પર વિગતો મુકી ખેડૂતોને અભિયાનમાં જોડવા પ્રયાસો હાથ ધર્યા. ૪૦૦ ખેડૂતોએ પોતાના નમૂનાઓ પરિક્ષણ કરાવી જમીન અને પાણીના આરોગ્યની જાણકારી મેળવી. આ અભિયાનમાં ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો, તેના અમલ બાબતે સમજ કેળવી જેને લઈ ભવિષ્યમાં અન્ય ખેડૂતો પણ જોડાશે અને માટી/પાણીના પરિક્ષણો કરાવી ઉપાયો યોજશે તેવું જોવા મળ્યું.

જમીન માવજત, બિયારણની પસંદગી, વાવણી વખતે આંતરપાક બાબતે નિર્ણય, ખાતર અને દવાના ઉપયોગ બાબતે જાણકારી, જીવાત અને રોગ નિયત્રંણ, કાપણી અને ઉત્પાદનની બજાર વ્યવસ્થા વિગેરેની મુંઝવણોમાં ઉકેલ મળે તે માટે એસએમએસ સુવિધા, રેડીયો કાર્યક્રમ, કૃષિ યુનિવર્સિટીની મુલાકાતો, ખેડૂત તાલીમો જેવી અનેકવિધ પ્રવૃતિઓ થાય છે. તેમ છતાં ખેડૂતોની સ્થિતિમાં ખાસ ફરક લાવી શકાયો નથી. તે માટે ઘણાં અભ્યાસો થયા છે તેના તારણો મુજબ અમલ કરવા પણ પ્રયાસો થયા હશે. અગાઉ સમુહ ખેતી/સહકારી મંડળીઓની રચના ઉદાહરણ બન્યા હતાં. મંડળીઓ મારફત ખેત જણસોના મુલ્ય વર્ધન માટે યુનિટો પણ સ્થપાયા હતાં.

આમ, ઉપરોકત પ્રયાસો જેવા કે ખેડૂતો સુધી માહિતી પહોચાડવાના સાધનો, ભેગા મળીને ખેતિ કરવાની બાબતો, સહકારી મંડળી દ્વારા એગ્રી ઈનપુટ પુરા પાડવા તેમજ ખેડૂતોના માલની ખરીદી અને વેચાણ વ્યવસ્થા ગોઠવવી વિગેરે મુખ્ય બાબતોનો સમાવેશ થાય છે.

**એકાંતમાં જાત સાથે વાતો કરવી એટલે પ્રાર્થના.**

આઝાદી પછી તુરંત જ આ બધી પ્રવૃતિઓ શરૂ થઈ હતી. જેની ખેડૂતો વાતો કરે છે પરંતુ પોતાની ખેતીમાં યુવાનો રસ લે તેવું બનતુ નથી તેની પાછળના કારણોના મુળમાં હજુ સુધી જવાનું બાકી હોય તેમ લાગે છે.

ગયા વર્ષમાં કાર્યકર મિત્રો સાથે મળી ખેડૂતોએ ૨ ખેત ઉત્પાદક કંપનીઓ રચી છે. તેઓને આશા છે કે અગાઉ કારગત ન નીવડી હોય તેવી બાબતોને ધ્યાનમાં લઈ આ કંપનીઓ કાર્યરત થાય તો ફરક લાવી શકાશે. એગ્રી ઈનપુટ અને ખેત ઉત્પાદનોની બજારવ્યવસ્થા જળવાઈ રહેશે તેમ માનવામાં આવે છે. આ ઉપરાંત માહિતીની આપ–લે અને નવી જાણકારી માટે એમકૃષિ મોબાઈલ એપ્લિકેશન પણ વિવિધ નિષ્ણાંતો દ્વારા તૈયાર થઈ રહી છે. ઘણા સરકારી/સ્વૈચ્છીક સંગઠનો ઉપરોકત બાબતે સહયોગ કરી રહયા છે. ખેતિ ખર્ચની સામે ઉત્યાદનના ભાવો યોગ્ય નફા સાથે મળી રહે તેવી સીધી સાદી વાત અમલમાં લાવી શકાય તો જ ખેતિ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોના જીવનનિર્વાહ શકય બને.

### માટી અને પાણી પરિક્ષણના પ્રતિભાવો

ખેડૂતોને સાથે રાખીને ગુજરાતી ભાષામાં સમજાય તે રીતે અને ચોકકસાઈ પૂર્વકનું સાચુ પરિણામ મળ્યું છે. દર વર્ષે આવુ આયોજન થવું જરૂરી છે.

**– વિનુભાઈ સેંજલીયા, રબારીકા**

ખેડૂતોની ભાવના સમજતી અને તેની જરૂરીયાતો પુરી પાડતી સંસ્થા છે.

**– હરેશભાઈ બલદાણીયા, ધોકડવા**

જમીન ચકાસણી કયારેય સાચી તો નથી થઈ પરંતુ ઘર બેઠા સુવિધા મળવી અને ખેડૂતોને સંતોષકારક પરિણામ મળ્યું ખર્ચ પણ ઘટયો.

**– ભાણજીભાઈ ડાંગોદરા–ભાચા**

હાલ તો ઠીક, આવતા વર્ષે પણ આવું આયોજન સંસ્થા દ્વારા થાય, ન થાય તો અમે કરીશું અને ખુબ જ ચોકકસાઈ પુર્વક ચકાસણી થતી હોય, ખેડૂતો માટે ચિંતા કરતી સંસ્થા છે. ઘણાં સમય પછી આવી સંસ્થા અમારા વિસ્તાર સુધી આવી છે.

**– ઉકાભાઈ ડાંગોદરા, કંસારી**

આ વિસ્તારમાં જમીન ચકાસણી કરાવવી ઘણું અઘરું કામ છે. જે સંસ્થાએ ગ્રામ્ય કક્ષાએ કર્યુ.

**– મંગળભાઈ ડાંગોદરા, નવી વાજડી**

ખુબ જ ટુંક સમયમાં સાચી અને પ્રત્યક્ષ થતી જમીન ચકાસણી પહેલીવાર અમારા ગામના ખેડૂતોએ નજરે જોઈ અને ખેડૂતોને ખેતી ખર્ચ ઘટશે.

**– અરજાભાઈ ગોહીલ, ગાંગડા**

ખેડૂતો રૂ.૬૦૦ થી પણ વધારે ખર્ચ કરીને અન્ય સ્થળોએ ચકાસણી કરાવવા જતાં હતા જે ઘર બેઠા તમામ ખેડૂતોને સુવિધા ઉભી થઈ.

**– હિંમતભાઈ મકાણી, ફાટસર**

ખર્ચ કરવા છતાં પણ સાચા પરિણામની ખાત્રી નથી મળતી. પરંતુ સંસ્થા દ્વારા અમારા ગામના

ખેડૂતોને સાચા પરિણામ અને પાણીની સ્થિતી પણ જાણવા મળી છે. સાથે સાથે ગામામાંજ સુવિધા મળવાથી ખેડૂતો જમીન અને પાણીની ચકાસણી કરાવતા થયા છે.

**– બી.ટી. મકવાણા– હેમાળ**

સાંજે શૈલેષભાઈ સાથે વાત થઈ મે આયોજન કરીને ગામના ખેડૂતોને ગામમાં જ જમીન પાણી ચકાસણી થઈ શકે તેનો મને ખુબ જ આનંદ થયો છે કે પરિણામ તો મળે છે. પરંતુ પરિણામ ખેડૂતોને સમજાવે અને તેનું ખેતીમાં પાલન થાય તે માટે પુરી ટીમ કામ કરી રહી છે. તેથી ફરીવાર હું સંસ્થાને મારો આભાર વ્યકત કરું છું.

**– યોગેન્દ્રભાઈ એન. વાળા–હેમાળ**

ગામમા જ સુવિધા મળવાથી મોટા ભાગના ખેડૂતોએ જમીન ચકાસણી કરાવી, બધાના રિપોર્ટ જોતા લાગ્યુ કે ખુબ ફાયદો થશે, ખર્ચ ઘટશે, જમીનનું આરોગ્ય સુધરશે. પરંતુ પાણીના પરિણામો જોતા પાણી સુધારણા માટેની કામગીરી થઈ શકે તો ટકાઉ ખેતી થશે.

**– માનુભાઈ ગોહીલ, ઉટવાળા**

અમારી વાડી ગામથી ૩ કિમી દુર છે. અમને સંસ્થાના કાર્યકરોએ જાણ કરી તો અમે ચકાસણી કરાવી અને રૂ.૧૨૦ ના બદલામાં અમને રૂ.૩૦૦૦ જેટલો ખાતરનો ખર્ચો ઘટશે જે મે ચોકકસાઈ પુર્વક સ્થળ પર જ જોયું છે. આથી ટીમ અને સંસ્થાનો દિલથી આભાર માનું છું.

**– લખમણભાઈ માળવી, ધોકડવા**

## માનવ શરીરની વિસ્મયકારક વિગતો

આપણા શરીરમાં ૨૦૬ મજબુત હાડકા છે. શરીરના જે તે ભાગનો બોજો તેમણે ખમવાનો હોય છે. જેમ કે, ૭૦ કિ.ગ્રા.ની વ્યકિત ચાલતી હોય ત્યારે તેના સાથળના હાડકાને દર ચોરસ સેમીએ ૮૪૦ કિ.ગ્રા.નું જબ્બર દબાણ વર્તાય છે. દોડતી કે કુદતી વખતે તો ગુણાકારમાં વધી જાય છે. નવાઈની વાત તો એ છે કે રોજરોજ સખત દબાણ ખમી લેતા હાડકા પોતે વજનમાં અત્યંત હળવા છે.

દર મિનિટે ૭૦ વખત ધબકતું હૃદય કલાકમાં ૪૨૦૦ વખત, દિવસમાં ૧૦૦,૮૦૦ વખત, એક વર્ષમાં ૩,૬૭,૯૨,૦૦૦ વખત અને ૭૦ વર્ષ આયુષ્યમાં ૨,૫૭,૫૪,૪૦,૦૦૦ વખત ધબકી ચુકયું હોય છે. પ્રત્યેક ધબકારે હૃદય જરા વિસ્તરે ત્યારે થોડી ઘણી ઊર્જા મુકત કરે છે.

પથારીમાં આરામ ફરમાવતી વખતે દર મિનિટે ૭.૫ લીટર, નિરાતે બેઠા હોય યા ઉભા હોય ત્યારે મિનીટ દીઠ ૧૫ લીટર, ચાલતી વખતે ૨૨ લીટર અને દોડતી વખતે તો પુરા ૪૮ લીટર ઓકિસજન યુકત હવા લે છે.

લોહીનો દરેક રકતકણ ૧૨૦ દિવસમાં શરીરમાં ૧૭૨૦૦૦ વખત ભ્રમણ કરી કુલ ૧૧૦૦ કિલોમિટરનું અંતર કાપી નાખે છે. શરીરમાં દર સેકન્ડે ૮૦૦૦૦૦૦ લેખે દિવસભરમાં ૨૮.૮ અબજ રકતકણો મારી પરવારે છે. તેની સામે પ્રતિદિન ૨૦૭ અબજ રકતકણ પેદા કરે છે.

***બાળકોને ઘડવાનું કામ મહાન અને પવિત્ર છે.***

## ટકાઉ ખેતી

ખેડૂત મિત્રો, ગયા અંકમાં ટીપા પિયત પધ્ધતી વિશે વાતો કરી હતી.

મિત્રો ખેડૂત સંગઠનની વાત કરીએ તો ખેડૂતની સ્થિતિ કરવત જેવી ગણી શકાય. જેમાં ખેડૂત પોતાની ઉપજ બજારમાં વેચે ત્યારે ભાવ હોતા નથી અને જયારે તે જ ઉપજનું મુલ્ય વર્ધન સાથે ખેડૂત બજારમાંથી ખરીદે ત્યારે તે બમણા ભાવ હોય છે. આમ કેમ થાય છે. જયારે ખેડૂત સાથે વાત કરીએ ત્યારે જાણવા મળે કે નિતીઓ જવાબદાર છે. માની શકાય કયાંક નિતીઓ પણ જવાબદાર હોય છે. પરંતુ મને લાગે છે આપણે સૌ ખેડૂતોની પણ જવાબદારી સમાયેલી છે.

બજારનો ખ્યાલ માંગ અને પુરવઠા પર નિર્ભર છે. બજારમાં પુરવઠો વધે એટલે ભાવ તળીએ આવી જાય છે. અને આ વિકટ પરિસ્થિતીનો ભોગ બને છે ખેડૂત. મિત્રો જો આ પરિસ્થિતિને સુધારવી હોય તો માત્ર એક ઉપાય છે. ખેડૂત સાથે વેપારી બંનેની ભુમિકા ખેડૂતોએ નિભાવવી પડશે. ધારી, જાફરાબાદ તથા ઉના ગીર ગઢડા તાલુકામા ખેડૂતોની કંપનીઓ બની છે. જે કંપની આરઓસીના કાયદાઓ મુજબ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. જેમાં ખેડૂતોની ઉત્પાદીત પેદાશોનું મુલ્ય વર્ધન સાથે વેપાર કરી શકાય અને ખેડૂતોને જરૂરીયાતની વસ્તુઓ ઉચ્ચ ગુણવતા તેમજ વ્યાજબી ભાવો સાથે વળતર આપી શકાય તે મુળ ઉદેશો છે.

કંપનીને મુડીની બાબતમાં શરૂઆતમાં નાબાર્ડ દ્વારા થોડી મદદ મળે છે. તેમજ કંપનીના નિયમ મુજબ શેર ભંડોળ એકઠુ કરી શકાય અને મુડી જમા કરી શકાય.

આ બધી વાતો તો સમજી શકાય પરંતુ બધા ખેડૂત એક મંચ પર આવે અને એકબીજા ઉપર ભરોસો રાખે અને પોતાની ખેતી વ્યવસ્થા અને જીવન ધોરણમાં બદલાવ લાવી શકાય. આ કંપની ખેડૂતોની છે અને તેના સંચાલક પણ ખેડૂતો છે. કંપનીને યોગ્ય દીશામાં લઈ જવા માટે નિષ્ણાંત ડાયરેકટરોની નિમણુક કરી શકાય જે કંપની સલાહકારની ભુમિકા ભજવી શકે .

મિત્રો, આશા રાખુ કે આ કંપની તમારી પોતાની છે. નફા ખોટની જવાબદારી પણ તમારી જ છે માટે તેને યોગ્ય દીશા આપી સફળતા તરફ લઈ જવી. તેમાં તમામ ખેડૂતોનુ ભાવી રહેલું છે.

મિત્રો, ટપકમાં આવતા લેખોનો પ્રતિભાવો મળે તે જરૂરી છે. ટપાલ દ્વારા અથવા ફોન પર પણ આપ પ્રતિભાવો આપી શકો છો

**– ડી.એન. ઝાલા, ૯૮૨૫૪ ૨૨૨૪૪**

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

**સુંદરતા પામતા પહેલાં સુંદર બનવું પડે છે.**

**Happy birthday**

| | |
|---|---|
| Pankaj Sarvaiya | 04.05.1993 |
| Pushpa Gohil | 08-05-1968 |
| Jasu Kadotara | 12.05.1995 |
| Nayan Gandhi | 15-05-1965 |
| Rinku Patel | 16.05.1989 |

**In this month**

8 Skill training (Beautician course) start at Maninagar (Amreli) organised by Hariraj Trust.

12 M-krishi software training at AMA members training for NABARD FPO promotion at DSC

18-19 Training on cotton and groundnut for Agriculture Officer organised by CSPC at Ahmadabad.

21 Review of the progress of 2015-16 and plan for 2016-17 for SSKK-New and Old PU at Una by CSPC.

25-29 Training Facilitation and Group Nurturing at NICM Gandhinagar.

**રમુજ એક થેરપી**

ટીચર : કયું પંખી ઉડવામાં બધાથી તેજ છે ?

વિદ્યાર્થી : સર,હાથી

ટીચર : કોણ છે રે તું ?

વિદ્યાર્થી : પાટીદાર....

ટીચર : સાબાશ..

લખો બાળકો હાથી નહીતર તો નેટ બંધ થઈ જશે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ઉત્તમ પુસ્તકોએ આપણા ઉત્તમ મિત્રો છે.**